GJNV110000742026

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | ૧૬ – ૦૧ – ૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ | ૧૬ – ૦૧ – ૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૨૭ – ૦૩ – ૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૨ | ૧૧ |

**ફોર્મ–એ** **આંક : ૧૨**

## મે. વઘઈના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.વઘઈ.

**[ચુકાદાની તારીખ : ૨૭/૦૩/૨૦૨૬]**
**[ફોજદારી કેસ નંબર : ૭૨/૨૦૨૬]**

(વઘઈ પોલીસ સ્ટેશન ગુના રજિસ્ટર નંબર : ૧૧૨૧૯૦૦૭૨૫૦૫૪૮/૨૦૨૫)

| | |
|---|---|
| ફરિયાદી | સરકારશ્રી |
| ફરિયાદપક્ષે રજૂઆત | વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી એચ.સી.બાગુલ |
| આરોપી | **રામદાશભાઇ ગોપાળભાઇ માહાડીક,** ઉ.આ.પર વર્ષ, ધંધો–મજુરી રહેવાસી : નાકા ફળિયું, વઘઈ, તા.વઘઈ, જિ.ડાંગ. |
| બચાવપક્ષે રજૂઆત | વિદ્વાન વકીલશ્રી વી.એમ.ચૌર્યા |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૫/૧૨/૨૦૨૫ |
| પ્રથમ બાતમી અહેવાલની તરીખ | ૦૫/૧૨/૨૦૨૫ |
| આખરી અહેવાલ | ૧૬/૦૧/૨૦૨૬ |
| તહોમતનામું/પ્લી ઘડ્યા તારીખ | ૧૬/૦૧/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૨૩/૦૨/૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ |
| આખરી હુકમ | આરોપીને નિર્દોષ ઠરાવેલ છે. |

## આરોપીની વિગત

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો બી.એન. એસ.એસ. ની કલમ–૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રામદાશભાઇ ગોપાળભાઇ માહાડીક | ૦૫/૧૨/ ૨૦૨૫ | ૦૫/૧૨/ ૨૦૨૫ | જુગારધારા કલમ–૧૨(અ) મુજબ | નિર્દોષ | – | – |

## <u>ફોર્મ–સી</u>

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

### એ.ફરિયાદપક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| P.W.1 Ex-5 | વિશાલભાઇ મહેશભાઇ ગવળી | પંચ શાહેદ |
| P.W.2 Ex-7 | દિપકભાઇ અરવિંદભાઇ પટેલ | પંચ શાહેદ |
| P.W.3 Ex-9 | લક્ષ્મણભાઇ જયવનભાઇ | ફરિયાદી |
| P.W.4 Ex-11 | મહેશભાઇ રામજીભાઇ | તપાસ કરનાર અમલદાર |

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

### એ.ફરિયાદ:

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | Ex-6 | અટક તથા મુદ્ધામાલ રીકવરી પંચનામું |
| ૨ | Ex-10 | ફરિયાદ |

## -: ચુ કા દો :-

**(૧)** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીનાઓ તારીખ : ૦૫/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે મોજે વઘઈ, હનુમાન ફળિયામાં, પગદંડી રસ્તા ઉપર બેસી આવતા જતા લોકો પાસેથી પેસાવતી લગાઇ લઇ ગેરકાયદેસર "શ્રી દેવી" બજારના વરલી મટકાનો અંક ફેરી હાર જીતનો જુગાર રમી રમાડતા રોકડ રૂ.૩૭૫૦/- સાથે પકડાઇ જઇ ગુનો કરતા, ફરિયાદીએ આ કામે આરોપી વિરુદ્ધ વઘઈ પોલીસ સ્ટેશન ગુના રજિ. નં.૧૧૨૧૯૦૦૭૨૫૦૪૩૮/૨૦૨૫ થી ગુનો નોંધાયેલ છે. જે ફરિયાદના આધારે તપાસ કરનાર અમલદારે બનાવની તપાસ કરી, બનાવ બાબતે પંચનામું કરી લાગતા વળગતા શાહેદોના નિવેદન નોંધી આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા જણાઈ આવતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૨)** ત્યારબાદ, આરોપીને સદર કામે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપી હાજર થતા પોલીસ પેપર્સની નકલો પૂરી પાડયા બાદ આરોપીનો જવાબ આંક-૦૪ થી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા આરોપી વિરુદ્ધ આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન ફરિયાદપક્ષ દ્વારા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

**(3)** ઉપર મુજબનો પુરાવો રજૂ થયા બાદ સદર કામના આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ તથા બંને પક્ષકારોની દલીલોના અંતે મારા ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## -: મુદ્દા :-

૧. શું ફરિયાદ પક્ષ નિ: શંકપણે પુરવાર કરે છે કે, આ કામના

આરોપીનાઓ તારીખ : ૦૫/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે મોજે વઘઈ, હનુમાન ફળિયામાં, પગદંડી રસ્તા ઉપર બેસી આવતા જતા લોકો પાસેથી પેસાવતી લગાઈ લઈ ગેરકાયદેસર "શ્રી દેવી" બજારના વરલી મટકાનો અંક ફેરી હાર જીતનો જુગાર રમી રમાડતા રોકડ રૂ.૩૭૫૦/- સાથે પકડાઇ જઇ, જુગારધારા કલમ-૧૨(અ) મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ?

**(૪)** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ આપેલ છે અને તેના કારણો ત્યારપછીના આપેલ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

**(૫)** સદર કામે ફરિયાદપક્ષ તરફેના આરોપી અટક/મુદ્દામાલ કબજે કર્યાના પંચ શાહેદ વિશાલભાઈ મહેશભાઈ ગવળીનાઓને આંક-૦૫ તથા પંચ શાહેદ દિપકભાઈ અરવિંદભાઈ પટેલનાઓને આંક-૦૭ થી સોગંદ ઉપર તપાસેલા છે. સદર પંચ શાહેદો જણાવે છે કે, બનાવ કઈ તારીખે બનેલો તેની તેઓને ખબર નથી. લોકલ ક્રાઈમ બ્રાંચ, ડાંગ-આવહવા પોલીસે તેઓને વઘઈ ગોળ સર્કલ પાસે આવી લખેલા કાગળ પર સહી કરવાનું કહેતા તેઓએ તેમાં સહી કરેલી. તેઓની હાજરીમાં કોઈ ઈસમ જુગાર રમતો પકડાયેલો નહીં. સદર પંચ શાહેદોને આંક-૦૬ વાળુ પંચનામું બતાવવામાં આવતા જેમાં પંચ શાહેદ નં.૧ તથા નં.ર તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે.

વિ.એ.પી.પી.શ્રીએ સદર પંચ શાહેદોને અદાલતની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરાવી તેઓની વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલી નથી. આરોપી તરફે સદર પંચ શાહેદોની ઊલટ તપાસ કરતા તેઓએ સ્પષ્ટપણે કબૂલ કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલી અને તૈયાર પંચનામામાં શું લખેલ તેની કોઈ જાતમાહિતી નથી, તેઓએ માત્ર સહી કરેલી.

(૬) ફરિયાદપક્ષ તરફે ફરિયાદી લક્ષ્મણભાઇ જયવનભાઇ નાઓને આંક–૦૯ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, બનાવ તા. ૦૫/૧૨/૨૦૨૫ ના રોજ બનેલો. તેઓ તથા એ.એસ.આઈ. પી.જી.નીવર, એ.એસ.આઈ. રણજીતભાઈ ઉષ્યાભાઈ તથા પો.કો. અશોકભાઈ મગનભાઈનાઓ સાથે હે.કો. દિનેશભાઈ પાંડુભાઈનાઓ બી–૨ વિસ્તારમાં સરકારી વાહનમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ફરતાં ફરતાં ગોળ સર્કલ પાસે આવતા તેઓને ખાનગી રાહે બાતમી મળેલ કે, વઘઈ નાકા ફળીયામાં રહેતો એક ઈસમ રામદાસભાઈ ગોપાલભાઈ માહડીકનાઓ વઘઈ હનુમાન ફળીયામાં પગદંડી રસ્તા ઉપર પોતે જાહેરમાં બેસી આવતા જતા લોકો પાસેથી પૈસાવતી લગાઈ લઈ ગેરકાયદેસર રીતે વરલી મટકાના અંક ફેરનો હારજીતનો જુગાર રમાડી ગ્રાહકો પાસેથી રૂપિયા મેળવી જુગાર રમાડે છે. જેણે શરીરે ગ્રે કલરનું સ્વેટર તથા કમરમાં મહેંદી કલરનું નાઈટ લોવર પેન્ટ પહેરેલ છે. જેથી નજીકમાંથી બે રાહદારી પંચોના માણસોને બોલાવીને બનાવની હકીકતની સમજ આપીને તેઓને સાથે રાખીને સરકારી વાહનમાં બેસીને મોજે. વઘઈ હનુમાન ફળીયામાં અવાતા થોડે દુર આગળ સરકારી વાહન ઉભુ રાખી ગાડીમાંથી જોતા ઉપરોકત બાતમી હકીકતમાં જણાવેલ વર્ણન વાળો ઈસમ પોતે પગદંડી રસ્તાની બાજુમાં બેસી આવતા જતા રાહદારી ઈસમોને પોતાના હાથમાં રહેલ પાવતીમાં કંઈક લખતા જોવામાં આવેલ. જે વરલી મટકાના આંકડાનો

જુગાર રમાડતો હતો. જેથી તેઓ પંચો રૂબરૂના પોલીસના માણસો ગાડીમાંથી ઉતરી ચારે બાજુથી કોર્ડન કરી સદર જગ્યાએ રેઈડ કરતા તે ઈસમ પંચોના તથા પોલીસ સ્ટાફનાં માણસો જોઈને ભાગી છુટવાનો પ્રયત્ન કરતા પોલીસનાં માણસોએ તેને પકડી પાડેલ. ત્યારબાદ, સદર જગ્યાએ તે ઈસમનું પોલીસ તથા પંચો રૂબરૂ નામઠામ પુછતાં તેણે પોતાનું નામ રામદાસભાઈ ગોપાલભાઈ માહડીક, વઘઈ નાકા ફળીયું, તા.વઘઈ, જી.ડાંગ હોવાનું જણાવેલ. તે ઈસમને પોતે શું પ્રવૃત્તિ કરતો હતો તે બાબતે પુછતાં તેણે આવતા જતા લોકો પાસેથી પૈસાની લગાઈ લઈ વરલી મટકાના આંકડા લખતો હતો. તે જગ્યાએ જોતાં ''શ્રી દેવી'' બજારના આંકડાનો જુગાર રમાડતો હોવાનું જણાવેલ. સદર જગ્યાએ ''શ્રી દેવી'' બજારના આંકડા લખેલ કાચી સ્લીપો મળી આવેલ. જેમાં તેની નીચે લગાવેલી રકમ લખેલી છે. જે '' શ્રી દેવી'' બજારની વર્લી મટકાની આંકડા લખેલ કાચી સ્લીપો કુલ નંગ–૦૬ જેની કિં.રૂા.૦૦/૦૦ ગણેલ. તથા સદર ઈસમ પાસેથી એક બોલપેન મળી આવેલ જેની કિં. રૂ.૦૦/૦૦ ગણેલ. સદર ઈસમની અંગ ઝડતી કરતાં તેનાં લોવર પેન્ટના ખિસ્સામાંથી જુદા જુદા દરની ચલણી નોટો મળી આવેલ. જે પૈકી રૂપિયા ૫૦૦/– ના દરની ચલણી નોટો નંગ– ૨ જેની કિંમત રૂા.૧,૦૦૦/–, રૂપિયા ૨૦૦/– ના દરની ચલણી નોટો નંગ–૮ જેની કિંમત રૂા.૧,૬૦૦/–, રૂપિયા ૧૦૦/– ના દરની ચલણી નોટો નંગ–૧૧ જેની કિંમત રૂા. ૧,૧૦૦/– તથા રૂપિયા ૫૦/– ના દરની ચલણી નોટો નંગ–૧ જેની કિંમત રૂા.૫૦/– એમ સાથે મળીને કુલ્લે રૂા.૩,૭૫૦/– રોકડ રકમ મળી આવેલ. ત્યારબાદ, સદર જુગારના મુદ્દામાલ રોકડ રકમ તેમજ આંક લખેલ કાપલી વઘઈ પો.સ્ટે.માંથી ડાયના–૫ બારકોડ નં –૦૦૧૮૮૬ માં પંચો રૂબરૂની સહી વાળી કાપલી સાથે મુકી સીલ કરી પંચનામાંની વિગતે કબ્જે કરેલ છે. સદર મુદ્દામાલ બાબતે મજકુર ઈસમને પુછતાં તેણે પોતે જુગારનું વલણ

કોની પાસે અને કયાં કપાવે છે તે બાબતે પુછતાં તેઓ પોલીસ તથા પંચો રૂબરૂ તેણે પોતે જાતે જ રમાડતો હોવાનું જણાવેલ. ત્યારબાદ, સદર પકડાયેલ ઈસમ વિરૂધ્ધ કાયદેસર થવા તેઓએ ફરીયાદ આપેલ. જે અસલ ફરિયાદ તેમને બતાવવામાં આવતા તે ઓળખી બતાવે છે. જેને આંક–૧૦ થી રજૂ રાખેલ છે. તેઓએ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા ઊલટતપાસ કરવામાં આવતા તેઓએ એ વાત કબૂલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યાએ જાહેર રસ્તો આવેલો છે. એ વાત કબૂલ રાખેલ છે કે, ત્યાં ઘણાં બધાં વાહનો અને લોકોની અવરજવર ચાલુ રહેતી હોય છે. એ વાત કબૂલ રાખેલ છે કે, તે જગ્યાએ આજુબાજુ કાચી કે પાકી વાડ આવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ખોટી જુબાની આપું છું.

(૭) ફરિયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર મહેશભાઈ રામજીભાઈ નાઓને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ જણાવે છે કે, તેઓ હાલ સુરત મુકામે ફરજ બજાવે છે. સને ૨૦૨૫ ના વર્ષમાં તેઓ વઘઈ પો.સ્ટે ખાતે એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે વઘઈ પો.સ્ટે.ના બાતમી નંબર–૧૧૨૧૯૦૦૭૨૫૦૫૪૮/૨૦૨૫, જુગારધારા કલમ–૧૨(અ) મુજબની હકીકત તેઓની એ.એસ.આઈ. પી.જી.નીવર, લોકલ ક્રાઈમ બ્રાંચ, આહવા–ડાંગનાઓની રૂબરૂ જાહેર કરતા તેઓએ આરોપી વિરુધ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ તપાસ સંભાળી લીધેલી. ત્યારબાદ તેઓએ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તેમણે આંક–૦૬ વાળુ પંચનામું કરેલ. જેની નીચે પંચોની તથા પી.જી.નીવરનાઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. આરોપી સામે ચાર્જશીટ કરવા માટે પુરતાં પુરાવા પડતા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલી. આરોપીને જોયેથી ઓળખી શકે છે.

બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા ઊલટતપાસ કરવામાં આવતા તેઓએ

એ વાત કબૂલ રાખેલ છે કે, બનાવવાળી સ્થળની આજુબાજુ ખુલ્લો વિસ્તાર છે તેમજ કોઈપણ વ્યકિત ત્યાં આસાનીથી આવજા કરી શકે છે. એ વાત કબૂલ રાખેલ છે કે, આ કામનાં બંને પંચો જી.આર.ડી તથા હોમગાર્ડના માણસો છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ફરિયાદી તેઓના સ્ટાફના હોવાથી ફરિયાદને સમર્થન કરવા માટે નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપુ છુ.

(૮) ઉપરોક્ત તમામ પુરાવાઓને ધ્યાને લેતા, સોગંદ ઉપર તપાસેલ ફરિયાદી પોલીસ શાહેદ હોય તેઓએ તેમની સરતપાસમાં આરોપીના ગુના બાબતે સમર્થનકારક જુબાની આપેલ છે. પરંતુ આરોપી તરફેના વિ.વકીલશ્રી મારફત તેઓની ઊલટતપાસ તેઓ સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યાએ જાહેર રસ્તો આવેલો છે. એ વાત કબૂલ રાખેલ છે કે, ત્યાં ઘણાં બધાં વાહનો અને લોકોની અવરજવર ચાલુ રહેતી હોય છે. એ વાત કબૂલ રાખેલ છે કે, તે જગ્યાએ આજુબાજુ કાચી કે પાકી વાડ આવેલ નથી. તેમજ તપાસ કરનાર અમલદાર દ્બારા આ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર શાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી, માત્ર પોલીસ શાહેદોના નિવેદનો લેવામાં આવેલ છે, પરંતુ જેઓ પોલીસ શાહેદો હિત ધરાવનાર શાહેદો હોય તેઓની એકલાની જુબાની પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. તેમજ આ કામે આરોપી અટક કર્યાના પંચનામાના પંચ શાહેદોને તપાસેલ છે. તેઓની ઊલટતપાસ કરતા ફરિયાદપક્ષને સમર્થન મળે તેવી જુબાની રેકર્ડ પર લાવી શકેલ નથી. તેમજ તેઓએ સદર ગુના બાબતે પોલીસના કહ્યા મુજબ એક લખેલા તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય પંચનામાની હકીકત વિશે કોઈ જાતમાહિતી નથી તેવું કબૂલ રાખેલ છે. તેવા સંજોગોમાં ફરિયાદપક્ષ આંક–૦૬ થી રજૂ આરોપી અટક પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આ કામે જે મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે તે આરોપી પાસેથી જ કબજે કરવામાં

આવેલ છે તેવી હકીકત પંચનામાના પંચ શાહદોએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ નથી. જેથી આરોપી સામેનો કેસ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં, રોકડ રકમ તથા જુગાર રમવાનું સાહિત્ય જે સહેલાઈથી ઉપલબ્ધ છે. જે બાબતે સ્વતંત્ર શાહેદોનો પુરાવો મહત્વનો ગણી શકાય. પરંતુ આ કામે પંચો સમર્થન કરતા ન હોય તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે.

(૯) વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે <u>નાસીર સિકંદર શેખ વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ૨૦૦૫ ક્રિમીનલ લો જનરલ પાના નં.૨૬૧૧</u> ના ચુકાદામાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, તહોમતદારો સામે આક્ષેપાયેલ ગુનાની તમામ હકીકતનો ફરિયાદપક્ષે સબળ પુરાવાથી પુરવાર કરવાનો રહે છે અને જો ફરિયાદપક્ષ કોઇ પણ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો તે ગુનામાં તહોમતદારોને સજા થઇ શકે નહીં. જ્યારે હાલના કેસમાં પણ ફરિયાદપક્ષ તરફે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન તહોમતદાર વિરુદ્ધના આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી તમામ ચર્ચાને અંતે ફરિયાદપક્ષ હાલના તહોમતદાર સામેનો આક્ષેપિત ગુનો નિઃશંકપણે પુરવાર કરેલ નથી. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુ ક મ</u> ::**

૧. આ કામના આરોપી **રામદાશભાઈ ગોપાળભાઈ માહાડીક,** ઉ.આ.૫૨ વર્ષ, ધંધો–મજુરી, રહેવાસી : નાકા ફળિયું, વઘઈ, તા.વઘઈ, જિ.ડાંગ નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૮(૧) અન્વયે જુગારધારા કલમ–૧૨(અ) મુજબના હાલના શિક્ષાપાત્ર ગુનાના આક્ષેપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબ અલગ–અલગ દરની ચલણી નોટો મળી કુલ રૂ.૩૭૫૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર સાતસો પચાસ પુરા) નો અપીલ સમય વીત્યેથી સરકારશ્રી ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં મુદ્દામાલ જુગારના સાહિત્ય અપીલ સમય વીત્યેથી નિયમોનુસાર નાશ કરવો.

૩. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ આરોપીના જામીન તથા જાત મુચરકો અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૨૭મી, માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Date : ૨૭–૦૩–૨૦૨૬ સહી/–

Place : વઘઈ **(પ્રકાશ એસ. રૌંદલ)**

જ્યુડિ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, વઘઇ.

(જી.જે.૦૧૪૩૭)

S.S.M.